RNI No.: GUJGUJ/2014/59295

E mail - prdpraval@yahoo.co.uk

ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

"ગુજરાત રાજ્ય માહિતી ખાતાની પેનલ ઉપર નું અગ્રીમ દૈનિક અખબાર"

www.janfariyadnews.com

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 13 * Issue No. 08 * Date: 27.10.2026,Tuesday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 350/-

પોરબંદર, કચ્છ, દેવભૂમિ દ્વારકા અને જામનગર દુષ્કાળગ્રસ્ત જાહેર, ખેડૂતોને પ્રતિ હેક્ટર ચૂકવાશે ૮૫૦૦ રૂપિયાની સહાય



ગુજરાત સરકારે પાણીની અછત વચ્ચે મોટો નિર્ણય લીધો છે. રાજ્યમાં આ વખતે ચોમાસું નબળું રહ્યા બાદ ઠેર ઠેરથી પાણીની તંગીના અહેવાલો સામે આવ્યા હતા. ત્યારે ગુજરાત સરકાર દ્વારા દેવભૂમિ દ્વારકા, પોરબંદર, કચ્છ અને જામનગરને સરકારે દુષ્કાળગ્રસ્ત જાહેર કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. ગુજરાતના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે જણાવ્યું કે ગુજરાતમાં આ વખતે ૮૯ ટકા વરસાદ થયો છે. એવામાં ખાસ તો દેવભૂમિ દ્વારકા, પોરબંદર, જૂનાગઢ અને કચ્છમાં ઓછો વરસાદ પડ્યો છે. એટલા માટે આ ૪ જિલ્લાને દુષ્કાળગ્રસ્ત જાહેર કરવામાં આવી રહ્યા છે.ગુજરાત પ્રવાસ ગાઈડ

આ સાથે મુખ્યમંત્રીએ મોટી જાહેરાત કરતાં કહ્યું હતું કે ખેડૂતોના પાકને થયેલા નુકસાન સામે સહાય આપવામાં આવશે. રાજ્ય સરકાર ૮૫૦૦ રૂપિયા પ્રતિ હેક્ટર અને ૨ હેક્ટરની મર્યાદામાં સહાય અપાશે. ઉલ્લેખનીય છે કે આ વખતે ગુજરાતમાં જરૂર કરતાં ઓછો વરસાદ નોંધાયો છે અને ઠેર ઠેર પાણીની અછતના અહેવાલ સામે આવી રહ્યા છે. એમાંય ખાસ તો સૌરાષ્ટ્ર તરફ વધારે પડતી તકલીફ પડી રહી છે. સૌની યોજના દ્વારા પાણીનો સપ્લાય બંધ કરવાની ફરજ પડી છે. જેના કારણે સૌરાષ્ટ્રના મોટાભાગના જિલ્લામાં પાણીનો સપ્લાય જ ખોરવાઈ ગયો છે. બીજી બાજુ નદીઓ અને તળાવો સુકાવા માંડ્યા છે. ડેમમાં પાણીનું લેવલ ઘટવા લાગ્યું છે. ગુજરાતની જીવાદોરી સમાન નર્મદા ડેમમાં પણ પાણીનું લેવલ ઘટ્યું હોવાની જાણકારી મળી રહી છે. ત્યારે આગામી ચોમાસા સુધી કેવી રીતે પાણીની વ્યવસ્થા કરવી તેને લઈને ગુજરાત સરકાર દ્વારા ઉચ્ચ સ્તરે ચર્ચા કરવામાં આવી હતી. આ સાથે પશુઓ માટે જરૂરી ઘાસચારાની વ્યવસ્થા કરવાનું પણ સરકારે આશ્વાસન આપ્યું છે. ખાસ કરીને ખેડૂતોની તકલીફને ધ્યાને લઈને ચાર જિલ્લાઓને દુષ્કાળગ્રસ્ત જાહેર કરી દેવાયા છે.

સૌરાષ્ટ્રના અનેક જિલ્લાઓમાં ચાલુ વર્ષે ઓછો વરસાદ નોંધાવાને કારણે પાણી અને ઘાસચારાની ગંભીર સમસ્યા ઊભી થઈ છે, જેના કારણે માલધારી અને પશુપાલકોની હાલત અત્યંત કફોડી બની ગઈ છે. પશુધનને બચાવવા માટે રાજ્ય સરકાર દ્વારા તાત્કાલિક ધોરણે વિશેષ આર્થિક રાહત પેકેજ જાહેર કરવામાં આવે તેવી માલધારી સમાજ દ્વારા માગ કરવામાં આવી હતી. અનેક પશુપાલકો હિજરત કરવા મજબૂર થયા હતા.રાજકોટ સહિત સૌરાષ્ટ્રભરમાં ઓછા વરસાદના લીધે કુદરતી ઘાસ અને પાણી ખૂટી પડ્યા છે. બજારમાં ઘાસચારાના ભાવ ખૂબ જ ઊંચા હોવાથી દૈનિક કમાણી કરતા અને પશુપાલન પર નિર્ભર રહેતા પરિવારો માટે પોતાના મૂંગા પશુઓનું ભરણપોષણ કરવું અશક્ય બન્યું છે.

ભીલડીમાં ૩૨૫ કરોડના ખર્ચે BBBRC સેન્ટર તૈયાર:પીએમ મોદી ૩૦ ઓક્ટોબરે લોકાર્પણ કરાશે



બનાસકાંઠા જિલ્લાના ભીલડી ખાતે આગામી ૩૦ ઓક્ટોબર, ૨૦૨૬ના રોજ વડાપ્રધાન નરેન્દ્ર મોદી બનાસ ડેરીના પાંચ વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરશે. આ કાર્યક્રમમાં ભીલડી ખાતે ૧૨૭ એકર જમીનમાં ?૩૨૫ કરોડના ખર્ચે તૈયાર થયેલા અત્યાધુનિક ભારત બોવાઈન બ્રીડિંગ એન્ડ રિસર્ચ સેન્ટર-મ્મ્ઈઝનું લોકાર્પણ કરવામાં આવશે. આ કેન્દ્ર દ્વારા પશુપાલન ક્ષેત્રે વૈજ્ઞાનિક પદ્ધતિઓને પ્રોત્સાહન આપવા અને ઉત્તમ નસ્લના પશુધનના સંવર્ધનને વેગ આપવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે.બનાસ ડેરી દ્વારા પશુપાલકોને માત્ર દૂધ ઉત્પાદન અને વેચાણ પૂરતા મર્યાદિત ન રાખીને ઉત્તમ નસ્લનાં પશુઓ તૈયાર કરતા બ્રીડર બનાવવાના હેતુથી 'બોવાઈન બ્રીડપ્રિન્યોર ક્લબ'ની સ્થાપના કરવામાં આવી છે. આ પહેલ હેઠળ અત્યાર સુધીમાં આશરે ૩૧૬ પ્રગતિશીલ પશુપાલકો મ્મ્ઈઝ સાથે જોડાઈ ચૂક્યા છે. આ યોજના થકી પશુપાલકોના તબેલાને સ્થાનિક સ્તરે ઉચ્ચ આનુવંશિક ગુણવત્તા ધરાવતા પશુધનના સંવર્ધનનાં કેન્દ્રો તરીકે વિકસાવવાનો પ્રયાસ થઈ રહ્યો છે.'બોવાઈન બ્રીડપ્રિન્યોર ક્લબ' હેઠળ જોડાયેલા પશુપાલકોને ઉચ્ચ આનુવંશિક ગુણવત્તા ધરાવતા જર્મપ્લાઝમ એટલે કે શ્રેષ્ઠ નસ્લના પશુઓના સંવર્ધન માટે જરૂરી સામગ્રી ઉપલબ્ધ કરાવવામાં આવે છે. આના આધારે પશુપાલકોના ફાર્મ પર તૈયાર થતાં ઉત્તમ વાછરડાં, પાડીઓ કે ભ્રૂણમાંથી પસંદગીના પશુધનને ખરીદવાનો પ્રથમ અધિકાર મ્મ્ઈઝ પાસે રહેશે. જો કેન્દ્ર કોઈ પશુધન ખરીદવાનું પસંદ ન કરે, તો પશુપાલક તેને ખુલ્લા બજારમાં વેચી શકશે. આ વ્યવસ્થાથી પશુપાલકોને દૂધના વેચાણથી થતી નિયમિત આવક ઉપરાંત ઉત્તમ નસ્લનાં પશુઓના વેચાણ થકી વધારાની આવક મેળવવાની તક મળશે. આ પહેલ પશુપાલનને આવકના વધુ એક સ્ત્રોત સાથે જોડવાનો પ્રયાસ છે.

ઉત્તમ નસ્લના પશુધનના સંવર્ધન માટે વૈજ્ઞાનિક માવજત અને પશુઓના આરોગ્યની નિયમિત દેખરેખ જરૂરી છે. આ ક્લબના સભ્યો પશુઓની ગર્ભાવસ્થા, વિયાણની તારીખ, માતા-પિતાની વંશાવળી, વજન અને દૈનિક દૂધ ઉત્પાદન સહિતની વિગતોનો રેકોર્ડ રાખે છે. આ ઉપરાંત, સભ્ય પશુપાલકોનાં પશુઓની વર્ષમાં એક વખત સઘન આરોગ્ય તપાસ પણ કરવામાં આવે છે. પશુઓની આરોગ્ય તપાસ અને તેમની વંશાવળી સહિતના રેકોર્ડ જાળવવાથી પશુધનની ગુણવત્તા અંગે વિશ્વસનીય માહિતી ઉપલબ્ધ બને છે. તેનાથી ખરીદદારોનો વિશ્વાસ વધવાની સાથે પશુપાલકોને ઉત્તમ ગુણવત્તાવાળા પશુઓના યોગ્ય ભાવ મેળવવામાં પણ મદદ મળી શકે છે.બનાસ ડેરી અને મ્મ્ઈઝ દ્વારા શરૂ કરાયેલી આ પહેલ પ્રયોગશાળા પૂરતી મર્યાદિત ન રહેતાં ગામડાં સુધી પહોંચી રહી છે. સભ્ય પશુપાલકોના ફાર્મ પર અપનાવવામાં આવતી આધુનિક પદ્ધતિઓથી પ્રેરાઈને અન્ય પશુપાલકો પણ પશુઓના પોષણ, રહેઠાણ અને સ્વચ્છતા અંગે વધુ વૈજ્ઞાનિક અભિગમ અપનાવી રહ્યા છે.ભીલડી ખાતે શરૂ થનારા આ કેન્દ્ર અને 'બોવાઈન બ્રીડપ્રિન્યોર ક્લબ' દ્વારા પશુપાલકોને પશુધનની ગુણવત્તા સુધારવા તથા આવકના નવા વિકલ્પો વિકસાવવા માટે પ્રોત્સાહન મળવાની અપેક્ષા છે. બનાસકાંઠાથી શરૂ થયેલી આ પહેલ ભવિષ્યમાં દેશના ડેરી ઉદ્યોગમાં વૈજ્ઞાનિક પશુસંવર્ધન અને પશુપાલકોની ભાગીદારીનું ઉદાહરણ બની શકે છે.



બનાસકાંઠા-વાવ-થરાદમાં CNGના ભાવમાં ફરી ૩.૪નો વધારો

એક જ મહિનામાં બે વખત અને એક વર્ષમાં રૂ.૧૮.૯૬ના થયેલા ભાવવધારાથી રિક્ષાચાલકો પર આર્થિક બોજ વધ્યો છે.ગેસના એલોકેશનમાં ઘટાડો અને ખુલ્લા બજારમાં મોંઘો ગેસ ખરીદવો પડતો હોવાનું કંપનીએ કારણ ગણાવ્યું હતું.આઈઆરએમ એનર્જી કંપની દ્વારા શનિવારની રાત્રે સીએનજીના ભાવમાં પ્રતિ કિલો રૂ.૪નો વધારો કરાયો હોવાનું ડીલર હાર્દિક કુમાર ચૌધરીએ જણાવ્યું હતું. અગાઉ રૂ.૮૮.૯૪ પ્રતિ કિલો મળતો સીએનજી હવે રૂ.૯૪.૯૪ થયો હતો.હવે આજ મહિનાના અંત સુધીમાં ફરી ભાવ વધીને હવે રૂ.૯૮.૯૪ થયા છે. વધુમાં ડીલર હાર્દિક ચૌધરીએ જણાવ્યું હતું કે, એક વર્ષમાં રૂ.૧૮.૯૬ના થયેલા ભાવવધારાથી ગ્રાહકોને નુકસાન થઈ રહ્યું હોવાથી સરકાર અને કંપની યોગ્ય ઉકેલ લાવવા માંગ કરી હતી.રિક્ષાચાલક હિતેશ પટણીએ જણાવ્યું હતું કે, સીએનજીના ભાવમાં અચાનક વધારો થયો છે, પરંતુ રિક્ષા ભાડું તે પ્રમાણે વધતું નથી, જેથી ઘર ચલાવવું મુશ્કેલ બન્યું છે. નિલેશ પરમારે જણાવ્યું હતું કે, સીએનજી સાથે રિક્ષાના મેઈન્ટેનન્સ સહિતના ખર્ચ પણ વધ્યા છે. રાતોરાત ભાવવધારાથી ગરીબ રિક્ષાચાલકો પર આર્થિક ભાર વધ્યો છે.કેન્દ્ર સરકાર દ્વારા ટ્રાન્સપોર્ટ સેક્ટર માટે ગેસ એલોકેશનમાં ઘટાડો થતાં નાની કંપનીઓને ઓછો ગેસ મળ્યો છે.

તંત્રી લેખ

રેકોર્ડ હાઈથી અડધી કિંમતે મળી રહી છે ચાંદી! ઉથલ-પાથલ વચ્ચે ધડાધડ ઘટ્યા ભાવ

ભારતમાં સોના-ચાંદીના ભાવમાં ભારે ઉતાર-ચઢાવ જોવા મળ્યો છે. સ્ઝઠ પર ચાંદીનો ભાવ ઓલ ટાઈમ હાઈથી કિલો દીઠ આશરે ૨.૨૫ લાખ રૂપિયા સસ્તો થયો છે, અને ૧,૯૪,૬૬૨ રૂપિયા પ્રતિ કિલો પર પહોંચ્યો છે. જ્યારે સોનાના ભાવમાં આજે શરૂઆતથી જ મજબૂતી જોવા મળી, અને ૧૦ ગ્રામ સોનાનો ભાવ ૧,૪૩,૧૦૦ રૂપિયા થયો છે.છેલ્લા કેટલાક દિવસોથી સોના અને ચાંદીના ભાવોમાં ઘટાડો નોંધાઈ રહ્યો છે ત્યારે નવા સપ્તાહના પ્રથમ દિવસે પણ બજારમાં બંનેના ભાવમાં ઘટાડો જોવા મળ્યો છે. ખાસ કરીને ચાંદીના ભાવમાં મોટો ઘટાડો થતાં મલ્ટી કોમોડિટી એક્સચેન્જ (સ્ઝઠ) પર તે ઓલ ટાઈમ હાઈ લેવલથી કિલો દીઠ આશરે ૨.૨૫ લાખ રૂપિયા જેટલી સસ્તી થઈ ગઈ છે. જોકે, ચાંદીની સરખામણીએ સોનાના ભાવમાં આજે શરૂઆતથી જ મજબૂતી જોવા મળી છે અને તે ગ્રીન ઝોનમાં ટ્રેડ થઈ રહ્યું છે.નકશા જુઓ

ચાંદીના ભાવમાં ઘટાડો નોંધાયો હતો, જોકે અગાઉના દિવસોની સરખામણીએ આજે કડાકાની ગતિ થોડી ધીમી રહી હતી. શરૂઆતી કારોબારમાં ૪ ડિસેમ્બરની એક્સપાયરી વાળી ચાંદી ઘટીને ૧,૯૪,૬૬૨ રૂપિયા પ્રતિ કિલોના સ્તરે આવી ગઈ હતી. ગત શુક્રવારે ચાંદી ૧,૯૫,૭૧૯ રૂપિયા પ્રતિ કિલો પર બંધ થઈ હતી. આ ગણતરી મુજબ, સોમવારે કારોબાર ખુલતાંની સાથે જ ૧ કિલો ચાંદીના ભાવમાં ૧૦૫૭ રૂપિયાનો ઘટાડો નોંધાયો છે.વાયદા બજારમાં ચાંદી પોતાના સર્વોચ્ચ સ્તરથી ઘણી સસ્તી થઈ ચૂકી છે. જાન્યુઆરી ૨૦૨૬ના છેલ્લા સપ્તાહ દરમિયાન ૧ કિલો ચાંદીનો ભાવ તમામ જૂના રેકોર્ડ તોડીને ૪,૨૦,૦૪૮ રૂપિયાના ઐતિહાસિક ઉચ્ચ સ્તરે પહોંચી ગયો હતો. તે સર્વોચ્ચ સ્તરની સરખામણીએ હાલ ચાંદીના ભાવમાં પ્રતિ કિલો ૨,૨૫,૩૮૬ રૂપિયાનો ધરખમ ઘટાડો આવી ચૂક્યો છેઈન્ટરનેશનલ માર્કેટમાં પણ ચાંદીના ભાવ ઘટીને ૫૩ ડૉલર પ્રતિ ઔંસ પર આવી ગયા છે, જે નવેમ્બર ૨૦૨૫ પછીનું સૌથી નીચલું સ્તર છે. વૈશ્વિક સ્તરે ચાંદી પોતાના પીક લેવલથી લગભગ ૫૫% જેટલી તૂટી ગઈ છે.

ચેસમાં મહારાષ્ટ્રની રાયગઢ ટીમ ચેમ્પિયન, ગુજરાત બ્લૂ રનર્સ-અપ: પાલનપુરમાં ૩ દિવસીય નેશનલ બ્લાઈન્ડ ચેસ ચેમ્પિયનશિપ પૂર્ણ



પાલનપુરમાં ધનિયાણા ચોકડી નજીક આવેલા સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ ખાતે યોજાયેલી પ્રજ્ઞાચક્ષુ ખેલાડીઓની ચોથી નેશનલ ટીમ ચેસ ચેમ્પિયનશિપ પૂર્ણ થઈ હતી.ગુજરાત ચેસ એસોસિએશન ફોર વિઝ્યુઅલી ચેલેન્જડ દ્વારા યોજાયેલી ત્રણ દિવસીય રાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધામાં મહારાષ્ટ્ર, કર્ણાટક, પશ્ચિમ બંગાળ, ગુજરાત, દિલ્હી અને ઓડિશા સહિત ૧૩ રાજ્યોની ૨૫ ટીમોએ ભાગ લીધો હતો. જેમાં મહારાષ્ટ્રની રાયગઢ ટીમે ચેમ્પિયનનો ખિતાબ મેળવ્યો હતો,જ્યારે ગુજરાત બ્લૂની ટીમ રનર્સ-અપ બની હતી. પ્રથમ ત્રણ વિજેતા ટીમોને અનુક્રમે રૂ.૭૫ હજાર, રૂ.૬૦ હજાર અને રૂ.૫૦ હજાર મળી કુલ રૂ.૧.૮૫ લાખનાં ઇનામ, ટ્રોફી અને મેડલ આપવાની જોગવાઈ હતી. પ્રવેશ નિઃશુલ્ક હતો.પાલનપુરમાં ધનિયાણા ચોકડી નજીક આવેલા સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સમાં યોજાયેલી પ્રજ્ઞાચક્ષુ ખેલાડીઓની ચોથી નેશનલ ચેસ ચેમ્પિયનશિપ સ્પર્ધામાં મહારાષ્ટ્રની રાયગઢ ટીમે ૭માંથી ૬ મેચ જીતી અને એક મેચ ડ્રો કરીને કુલ ૧૩ મેચ પોઈન્ટ તથા ૨૨ ગેમ પોઈન્ટ મેળવ્યા હતા. ગુજરાત બ્લૂની ટીમે પણ ૭માંથી ૬ મેચ જીતી અને એક ડ્રો સાથે ૧૩ મેચ પોઈન્ટ મેળવ્યા હતા. જોકે, ગુજરાત બ્લૂને ૨૦.૫ ગેમ પોઈન્ટ મળતાં તે બીજા સ્થાને રહી હતી. આમ, બંને ટીમના મેચ પોઈન્ટ સરખા હોવા છતાં ગેમ પોઈન્ટના આધારે પ્રથમ અને દ્વિતીય સ્થાન નક્કી થયું હતું.

દિલ્હી-એની ટીમે ૪ જીત અને એક ડ્રો સાથે ૯ મેચ પોઈન્ટ તથા ૧૮.૫ ગેમ પોઈન્ટ મેળવી ત્રીજું સ્થાન મેળવ્યું હતું. ગુજરાત ગ્રીન ૯ મેચ પોઈન્ટ અને ૧૭ ગેમ પોઈન્ટ સાથે ૪ સ્થાને રહી હતી. ગુજરાત રેડે ૮ મેચ પોઈન્ટ અને ૧૭ ગેમ પોઈન્ટ સાથે ૮મું, જ્યારે ગુજરાત ગોલ્ડે ૭ મેચ પોઈન્ટ અને ૧૫.૫ ગેમ પોઈન્ટ સાથે ૧૩મું સ્થાન મેળવ્યું હતું.પાલનપુરનાં વતની અને હાલ અમદાવાદમાં રહેતાં ૂર્ઢ હિમાંશી ભાવેશભાઈ રાઠીએ પણ ખેલાડી તરીકે સ્પર્ધામાં ભાગ લીધો હતો. ધોરણ-૧૦માં દૃષ્ટિ ગુમાવ્યા બાદ તેમણે એકાગ્રતા વિકસાવવા ચેસ રમવાનું શરૂ કર્યું હતું. તેમણે ૨૦૧૯ અને ૨૦૨૦માં રાષ્ટ્રીય ચેમ્પિયનશિપ જીતી હતી. વર્ષ ૨૦૨૨માં ચીનના હાંગઝોઉ ખાતે યોજાયેલી એશિયન પેરા ગેમ્સમાં મહિલા ટીમ રેપિડ ફૈં-૧ વર્ગમાં સંસ્કૃતિ મોરે અને વૃતિ જૈન સાથે બ્રોન્ઝ મેડલ જીત્યો હતો. વ્યક્તિગત વર્ગમાં પણ તેમણે બ્રોન્ઝ મેડલ મેળવ્યો હતો. ગુજરાત યુનિવર્સિટીમાંથી અંગ્રેજી વિષયમાં ગોલ્ડ મેડલ સાથે એમ.એ.ની પદવી મેળવનાર હિમાંશી અન્ય પ્રજ્ઞાચક્ષુ ખેલાડીઓ માટે પ્રેરણારૂપ બન્યાં છે.પ્રજ્ઞાચક્ષુ ખેલાડીઓ વિશેષ પ્રકારના ચેસ બોર્ડ પર સ્પર્શની મદદથી?મોહરાની સ્થિતિ ઓળખે છે. બોર્ડમાં મોહરા સ્થિર રહે તેવી ગોઠવણ?હોય છે અને કાળા-સફેદ મોહરાને સ્પર્શથી અલગ ઓળખી શકાય છે.?ખેલાડીઓ માનસિક આયોજન કરીને ચાલ રમે છે. આ રમતમાં?સ્મરણશક્તિ, એકાગ્રતા અને વ્યૂહરચનાનું વિશેષ મહત્ત્વ હોય છે.

ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા આયોજિત ભવ્ય શોપિંગ ફેસ્ટિવલનો રંગારંગ પ્રારંભ

ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા નાગરિકોને ખરીદીની સાથે મનોરંજનનું માધ્યમ પૂરું પાડવા તેમજ સ્થાનિક વેપાર-ઉદ્યોગને પ્રોત્સાહન આપવાના હેતુથી કુડાસણના સરદાર ચોક ખાતે ભવ્ય શોપિંગ ફેસ્ટિવલનું આયોજન કરવામાં આવ્યું છે. આ શોપિંગ ફેસ્ટિવલનો ગાંધીનગરના ધારાસભ્ય શ્રીમતી રીટાબેન પટેલ તેમજ જિલ્લા કલેક્ટર શ્રી રવિન્દ્ર ખટાલેના હસ્તે વિધિવત રીતે શુભારંભ કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે શહેર પ્રમુખ શ્રી આશિષભાઈ દવે, મહાનગરપાલિકાના કાઉન્સિલરશ્રીઓ તેમજ નાયબ મ્યુનિસિપલ કમિશનરશ્રીઓ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. આ મહોત્સવના પ્રથમ દિવસે જ શહેરીજનોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો અને અંદાજિત ૨૦ હજાર જેટલા નાગરિકોનું માનવ મહેરામણ ઊમટ્યું હતું.

આ શોપિંગ ફેસ્ટિવલમાં નાગરિકોની સુવિધા અને પસંદગીને ધ્યાનમાં રાખીને વિવિધ વસ્તુઓના સ્ટોલ્સ ઊભા કરવામાં આવ્યા છે. પ્રથમ દિવસે મુલાકાત લેનાર નાગરિકોએ પરંપરાગત હેન્ડીક્રાફ્ટ આઈટમ્સ, ઘર સુશોભનની વસ્તુઓ તેમજ અન્ય જીવનજરૂરી ચીજવસ્તુઓની ખરીદી કરી હતી, ઉપરાંત ફૂડ ઝોનમાં અવનવી ખાણી-પીણીની વાનગીઓનો આનંદ માણ્યો હતો. ખરીદીના આ ઉત્સવમાં સંગીતમય માહોલ ઉમેરવા માટે પ્રથમ દિવસે જાણીતા મ્યુઝિકલ બેન્ડ ‘સ્ટોન કીઝ‘ (જીંહી દ્બીઅજ) ના લાઈવ પરફોર્મન્સનું આયોજન કરવામાં આવ્યું હતું. આ બેન્ડના કલાકારોએ લોકપ્રિય ગુજરાતી તેમજ બોલીવુડ ગીતોની રજૂઆત કરીને ઉપસ્થિત નાગરિકોને મંત્રમુગ્ધ કર્યા હતા.

ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા આયોજિત આ શોપિંગ ફેસ્ટિવલ આગામી તારીખ ૬ નવેમ્બર સુધી ચાલુ રહેશે. શહેરીજનોના મનોરંજન માટે ફેસ્ટિવલ દરમિયાન દરરોજ સાંજે વિવિધ કલાકારો દ્વારા લાઈવ પરફોર્મન્સ રજૂ કરવામાં આવશે. નાના વેપારીઓ અને હસ્તકલાના કારીગરોને યોગ્ય પ્લેટફોર્મ પૂરું પાડતા આ શોપિંગ ફેસ્ટિવલની મુલાકાત લેવા અને ખરીદી તથા મનોરંજનના આ આયોજનનો લાભ લેવા ગાંધીનગરના નાગરિકોને અનુરોધ કરવામાં આવ્યો છે.

પિતાશ્રીની વાર્ષિક પુણ્યતિથિ નિમિત્તે શાહ પરિવાર દ્વારા જીવદયા માટે રૂ. ૧ લાખનું અનુદાન



જીવદયા એ જ સાચી પ્રભુસેવા અને અબોલ જીવોની સેવા એ જ માનવતાનું ઉત્તમ ઉદાહરણ છે. આ ભાવનાને સાર્થક કરતાં પાળીયાદના વતની અને હાલ અમદાવાદ સ્થિત આશ્લેષભાઈ ગુણવંતભાઈ શાહ પરિવાર દ્વારા પિતાશ્રી સ્વ. ગુણવંતભાઈ છોટાલાલ શાહની વાર્ષિક પુણ્યતિથિ નિમિત્તે જીવદયા અને ગૌસેવાના પવિત્ર કાર્ય માટે ★રૂ. ૧,૦૦,૦૦૦ (અંકે રૂપિયા એક લાખ પૂરા)★નું અનુદાન અર્પણ કરવામાં આવ્યું છે.

સ્વ. ગુણવંતભાઈ છોટાલાલ શાહની પવિત્ર સ્મૃતિને જીવંત રાખવા માટે પરિવારે અબોલ પશુ-પક્ષીઓની સેવા અર્થે આપેલું આ અનુદાન ખરેખર પ્રશંસનીય અને પ્રેરણાદાયી છે. પરિવાર દ્વારા કરવામાં આવેલી આ સેવા અન્ય લોકોને પણ જીવદયા અને ગૌસેવાના કાર્યોમાં સહભાગી થવાની પ્રેરણા પૂરી પાડશે.

આ પ્રસંગે શ્રી પાળીયાદ મહાજન પાંજરાપોળ અને ગૌશાળા ટ્રસ્ટ દ્વારા દાતાશ્રી આશ્લેષભાઈ ગુણવંતભાઈ શાહ તથા સમગ્ર શાહ પરિવારનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો. સાથે જ સદગત સ્વ. ગુણવંતભાઈના આત્માને પરમ શાંતિ મળે અને પરિવાર સુખ, શાંતિ, સમૃદ્ધિ તથા ભવિષ્યમાં પણ આવા સેવાકીય કાર્યો કરતો રહે તેવી પ્રાર્થના કરવામાં આવી હતી.

સાબરકાંઠા કલેક્ટરશ્રીની અધ્યક્ષતામાં પદાધિકારીઓ સાથે ‘કિસાન દિવસ’ અને ‘રાષ્ટ્રીય એકતા દિવસ’ની ઉજવણીના આયોજન અંગે બેઠક યોજાઈ

સાબરકાંઠા જિલ્લામાં આગામી તા. ૩૦ ઓક્ટોબરે ‘કિસાન દિવસ’ અને તા. ૩૧ ઓક્ટોબરે ‘રાષ્ટ્રીય એકતા દિવસ’ની ઉજવણીના આયોજન અંગે જિલ્લા કલેક્ટરશ્રી લલિત નારાયણ સિંઘ સાંદુના અધ્યક્ષસ્થાને પદાધિકારીઓ અને અમલીકરણ અધિકારીઓની બેઠક યોજાઈ હતી. બેઠકમાં બંને કાર્યક્રમોના સુચારુ આયોજન, જરૂરી વ્યવસ્થાઓ અને મહત્તમ લોકભાગીદારી સુનિશ્ચિત કરવા અંગે ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી.બેઠક દરમિયાન તા. ૩૦ ઓક્ટોબરે યોજાનાર ‘કિસાન દિવસ’ની ઉજવણી અંગે ચર્ચા કરવામાં આવી હતી. આ પ્રસંગે બનાસકાંઠા જિલ્લાના ડીસા તાલુકાના ભીલડી ખાતેથી વડાપ્રધાનશ્રીના હસ્તે પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજનાનો ૨૪મો હપ્તો જાહેર કરવામાં આવશે. દેશના ૯.૬૨ કરોડથી વધુ ખેડૂતોને રૂ. ૧૯,૨૪૦ કરોડની સહાયના આ કાર્યક્રમનું જીવંત પ્રસારણ સાબરકાંઠા જિલ્લામાં પણ કરવામાં આવશે. આ અંતર્ગત જિલ્લામાં જિલ્લા પંચાયતની પ્રત્યેક બેઠક દીઠ બે કાર્યક્રમો તેમજ એક મુખ્ય જિલ્લા કક્ષાના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. જિલ્લા કક્ષાનો મુખ્ય કાર્યક્રમ હિંમતનગર નજીક કાંકણોલ સ્થિત સ્વામિનારાયણ મંદિર ખાતે યોજાશે.આ ઉપરાંત, તા. ૩૧ ઓક્ટોબરે ‘રાષ્ટ્રીય એકતા દિવસ’ની ઉજવણી અંતર્ગત ગ્રામ્ય, નગરપાલિકા અને જિલ્લાકક્ષાએ વિવિધ કાર્યક્રમો યોજાશે. સરદાર વલ્લભભાઈ પટેલના રાષ્ટ્રીય એકતા અને અખંડિતતાના સંદેશને જનજન સુધી પહોંચાડવા માટે દરેક ગામમાં એકતા રેલી યોજવા તથા મહત્તમ લોકભાગીદારી સુનિશ્ચિત કરવા અંગે બેઠકમાં ભાર મૂકવામાં આવ્યો હતો. આ સાથે સમાજમાં ઉત્કૃષ્ટ યોગદાન આપનાર વ્યક્તિઓનું સન્માન કરવા સહિતની વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરવા અંગે પણ ચર્ચા કરવામાં આવી હતી.રાષ્ટ્રીય એકતા દિવસની જિલ્લા કક્ષાની ઉજવણીના ભાગરૂપે તા. ૩૧ ઓક્ટોબરે હિંમતનગરના ટાવર ચોક પાસે આવેલા સરદાર વલ્લભભાઈ પટેલના સ્મારકને પુષ્પાંજલિ અર્પણ કરીને એકતા રેલીનો પ્રારંભ કરવામાં આવશે. આ રેલીનું સમાપન પોલીસ પરેડ ગ્રાઉન્ડ, હિંમતનગર ખાતે થશે. ત્યારબાદ પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતે સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે યોજાનારા રાષ્ટ્રીય એકતા દિવસના કાર્યક્રમનું જીવંત પ્રસારણ કરવામાં આવશે.



વરુણ સોસાયટીમાં શરદ પૂનમ નિમિતે ગરબાનુ આયોજન કરવામાં આવેલ હતું.

ગાંધીનો પ્રેમ VS નથુરામનો ગુસ્સો:હે રામ થી અખંડ ભારત સુધી — બે વિચારોની લડાઈ!(સંત સુરા)

ભારતમાં બે રામ છે. એક રામ જે માફ કરે છે, બીજો રામ જે તીર ઉપાડે છે. ગાંધી પહેલા રામનો હતો, નથુરામ બીજા રામનો.

ભાગ ૧: ગાંધી — ફકીર જેણે કરોડોને જગાડ્યા

મોહનદાસ ગાંધી વકીલ હતો. દક્ષિણ આફ્રિકામાં અપમાન થયું અને ફકીર બની ગયો. તેણે નવી ટેકનિક શોધી — સત્યાગ્રહ.

તેનું લોજિક — અંગ્રેજ પાસે બંદૂક છે, આપણી પાસે નથી. બંદૂકથી લડશું તો હારશું. એટલે તેમને નૈતિક રીતે હરાવો. અસહકાર, દાંડી કૂચ, ભારત છોડો — બધા એ જ પ્રયોગો હતા.

તેનો સિદ્ધાંત — જેવું સાધન, એવું જ પરિણામ. હિંસાથી લીધેલી આઝાદી હિંસક જ રહેશે.

પણ તેની સૌથી મોટી ભૂલ વિરોધીઓને ત્યાં દેખાય છે. ભગતસિંહ ફાંસી પર ગયા ત્યારે ગાંધીએ વાઈસરોયને પત્ર લખ્યો પણ આંદોલન રોક્યું નહીં. સુભાષ બોઝ સાથે તેનું ક્યારેય બન્યું નહીં. અને ભાગલા — તે ભાગલા રોકી શક્યો હોત, પણ તેનું હથિયાર ઉપવાસ ત્યાં કામ ન આવ્યું.

તેની ૫૫ કરોડવાળી વાતને લોકો આજે પણ નથી પચાવી શકતા. ભારત-પાકિસ્તાન યુદ્ધ ચાલતું હોય ત્યારે પાકિસ્તાનને પૈસા આપવા — આ કોઈ પણ રાષ્ટ્રવાદીને ખૂંચે.

ભાગ ૨: નથુરામ — જે ગાંધીને પ્રેમ કરતો હતો

નથુરામ ગોડસે ગાંધીનો નફરત કરનારો નહોતો. શરૂઆતમાં તે ગાંધીવાદી હતો. પૂનામાં રહેતો, અખબાર 'હિંદુ રાષ્ટ્ર' ચલાવતો.

કોર્ટમાં તેનું ૧૦૦ પાનાનું નિવેદન આજે પણ તમને હચમચાવી દે.

તેની ત્રણ આગ —

૧. અહિંસા એકતરફી કેમ?
નોઆખલીમાં હિંદુઓની કત્લેઆમ થઈ, ગાંધી ત્યાં ગયા અને હિંદુઓને કહ્યું — મરો પણ બદલો ન લો. નથુરામ પૂછે છે — સહન કરવાની પણ કોઈ હદ ખરી?

૨. તુષ્ટિકરણ:
ખિલાફત આંદોલન — તુર્કીના ખલીફા માટે ભારતના મુસ્લિમો લડતા હતા, ગાંધીએ તેને ટેકો આપ્યો. શા માટે? જેથી હિંદુ-મુસ્લિમ એકતા થાય. પણ એકતા થઈ નહીં, મુસ્લિમ લીગ વધુ મજબૂત થઈ.

૩. અખંડ ભારત:
નથુરામ માટે અખંડ ભારત ધર્મ હતો. તે માનતો હતો ગાંધીમાં તાકાત હતી ભાગલા રોકવાની. તેણે ભાગલા વખતે ઉપવાસ નથી કર્યા, પણ પાકિસ્તાનને પૈસા અપાવવા માટે કર્યા. આ દગો હતો.

એટલે તેણે નક્કી કર્યું — ગાંધી વ્યક્તિ નથી, વિચાર છે. વિચારને મારવા માટે વ્યક્તિને મારવો પડશે.

ભાગ ૩: આજે કોણ જીતે છે?

આ સવાલનો જવાબ આપવો અઘરો છે.

જ્યારે દેશમાં હિંદુ-મુસ્લિમ રમખાણ થાય છે, ત્યારે દરેક નેતા ગાંધીની સમાધિ પર જાય છે.

જ્યારે સરહદ પર જવાન શહીદ થાય છે, ત્યારે એ જ દેશ કહે છે — હવે ગાંધીગીરી નહીં ચાલે.

હકીકત એ છે — ગાંધીને મારવાથી ગાંધી નથી મર્યો. અને ગાંધીને પૂજવાથી નથુરામના સવાલો નથી મર્યા.

ગાંધી જોઈએ છે દિલમાં શાંતિ રાખવા માટે.
નથુરામનો સવાલ જોઈએ છે દેશને સુરક્ષિત રાખવા માટે.

ભારતને બંને જોઈએ છે — એક હાથમાં માળા અને બીજા હાથમાં લાઠી. જો એક જ હાથ રહેશે તો દેશ લંગડો થઈ જશે.

અંત — બે રામ

ગાંધીનો રામ — હે રામ, બધાને માફ કરજો.
નથુરામનો રામ — હે રામ, અખંડ ભારત અમર રહે.

તમારે કયો રામ જોઈએ છે, એ તમારે નક્કી કરવાનું છે!
લેખક:સુનીલ રાજેન્દ્ર બર્મન(સંત સુરા)સુરત

સમર્પણ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ ખાતે વાલ્મિકી જયંતિ ઉજવાઈ

ગાંધીનગર નગર ચેરીટેબલ ટ્રસ્ટ સમર્પણ આર્ટસ અને કોમર્સ કોલેજના સંસ્કૃત વિભાગ તેમજ સમર્પણ મૂલ્ય પ્રવાહના સંયુક્ત ઉપક્રમે સંસ્થાના આચાર્ય ડૉ. આશિષ જનકરાય દવેના માર્ગદર્શનમાં અને કેમ્પસ રજીસ્ટ્રાર ડૉ. એમ. ડી. પાંડેની પ્રેરક ઉપસ્થિતિમાં આજરોજ આસો મહિનાની પૂર્ણિમાના પાવન દિવસે વાલ્મિકી જયંતિની ઉજવણી કરવામાં આવી, આ પ્રસંગે સંસ્કૃત ભારતી ગુજરાત પ્રાંત સહ મંત્રી ડૉ. વસંતભાઈ જોષી, ગુજરાત યુનિવર્સિટી પ્રજ્ઞા પીઠમ તેમજ જ્ઞાન અધ્યયન પરંપરા સંસ્થાનના અધ્યક્ષ પ્રો. (ડૉ.) ગુરુદત્ત જપ્પી, અખીલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ પ્રાંત અધિકારી ડૉ. અતુલભાઈ ઉનાગર, દિશા ભારત ગુજરાતના પ્રાંત અધિકારી ડૉ. ઋષિકેશભાઈ જોષી, સમર્પણ બી સી એ કોલેજના નિયામક ડૉ. જયભાઈ પટેલની ઉપસ્થિમા મહર્ષિ વાલ્મિકી રચિત ભારત વર્ષના અલૌકિક મહાકાવ્ય રામાયણ ગ્રંથો તેમજ મહર્ષિ વાલ્મિકી ના તૈલ ચિત્રને પુષ્પ દ્વારા પૂજન કરવામાં આવ્યુ, આ પ્રસંગે સંસ્થાના આચાર્ય એ પોતાના પ્રાસંગિક ઉદબોધનમાં જણાવ્યું કે મહર્ષિ વાલ્મિકી વિશ્વની તમામ ચૌદ વિદ્યા અને ચોષઠ કલાના નિપુર્ણ ગુરુ રહ્યા હતા અને તેનું પ્રમાણ તેઓના માર્ગદર્શનમાં ઉછરેલ રઘુવંશી રાજકુમાર લવ અને કુશ દ્વારા મેળવી શકાય છે, માણસનુ કુળ તેના જન્મથી નહી પરંતુ જ્ઞાન અને ગુણથી ઓળખાય છે, મહર્ષિ વાલ્મિકી સમગ્ર વિશ્વમાં તેને પ્રતિપાદિત કરે છે.સમર્પણ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ ના તમામ અધ્યાપક ભાઈઓ બહેનો તેમજ વિદ્યાર્થી ભાઈઓ બહેનોએ માતા સરસ્વતી પ્રાંગણમાં આ કાર્યક્રમમાં આદર અને ઉત્સાહભેર ભાગ લીધો હતો.





ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ



NOG SS:NO:321
વિષય. સાહિત્યિક મંચોનું આંતરિક રાજકારણ
પ્રકાર.ગદ્ય.શબ્દ.૨૫૦
શીર્ષકઃસાહિત્ય સાધના

સાહિત્ય એ સમાજનો અરીસો છે. સાહિત્યકાર પોતાની કલમ દ્વારા સમાજની વેદના, સંવેદના અને સત્યને વાચા આપે છે. સાહિત્યનો હેતુ માનવતાને જીવંત રાખવાનો અને સમાજને સાચી દિશા બતાવવાનો છે. પરંતુ જ્યારે સાહિત્ય કરતાં સાહિત્યિક મંચોનું આંતરિક રાજકારણ વધારે મહત્ત્વનું બની જાય, ત્યારે વિચારવું પડે કે આપણે સાહિત્યની સેવા કરીએ છીએ કે સ્વાર્થની?

આજના સમયમાં સાહિત્યિક ગ્રુપો નવા સર્જકોને પોતાની પ્રતિભા રજૂ કરવાની તક આપે છે. પરંતુ કેટલીક જગ્યાએ જૂથબંધી, પક્ષપાત, માનસન્માનની અપેક્ષા અને અંગત સંબંધો સર્જન કરતાં વધારે મહત્ત્વ ધરાવે છે. રચનાની ગુણવત્તા કરતાં રચનાકારની ઓળખને પ્રાધાન્ય મળે, ત્યારે સાચી પ્રતિભા અવગણાય છે. પરિણામે સર્જકનો ઉત્સાહ ઘટે છે અને સાહિત્યનું વાતાવરણ પ્રભાવિત થાય છે.

સાહિત્યિક મંચોનું સંચાલન કરવું એ જવાબદારી છે, સત્તા નહીં. દરેક સર્જકને સમાન તક આપવી, નિષ્પક્ષ અભિપ્રાય આપવો અને નવા લેખકોને પ્રોત્સાહિત કરવા એ સંચાલકની ફરજ છે. ટીકા રચનાની થવી જોઈએ, વ્યક્તિની નહીં. મતભેદ હોઈ શકે, પરંતુ મનભેદ અને દ્વેષ સાહિત્યની ગરિમાને ઠેસ પહોંચાડે છે.

સર્જકોએ પણ લાઈક, કોમેન્ટ અને પુરસ્કારની અપેક્ષા કરતાં પોતાની કલમની ગુણવત્તા પર ધ્યાન આપવું જોઈએ. સાચું સર્જન એ છે, જે વાચકના હૃદયને સ્પર્શે અને સમાજમાં સકારાત્મક પરિવર્તન લાવે.

સાહિત્યિક મંચ વ્યક્તિપૂજાનું નહીં, પ્રતિભાપૂજાનું સ્થાન હોવું જોઈએ. હોદ્દા અને સન્માન સમય સાથે ભૂલાઈ જાય છે, પરંતુ નિખાલસ કલમથી સર્જાયેલું સાહિત્ય હંમેશાં જીવંત રહે છે. તેથી કલમને સ્વાર્થના નહીં, સત્યના પક્ષમાં ચાલવા દો. જ્યાં સાહિત્યની સાધના હોય, ત્યાં રાજકારણ નહીં, સર્જન બોલવું જોઈએ.

??? સૂચિતા રાવલ ગાંધીનગર
★★★★★★★
NOG SS NO : 003
વિષય : સાહિત્યિક મંચોનું આંતરિક રાજકારણ
શીર્ષક : સાહિત્યના મંચ પર સન્માનના મહોરા પાછળ છુપાયેલું રાજકારણ
પ્રકાર : ગદ્ય
શબ્દો : ૩૨૧

જ્યાં પ્રતિભા કરતાં ઓળખાણનું પલ્લું ભારે બને છે.

સાહિત્યને સમાજનો આત્મા કહેવામાં આવે છે. કલમની તાકાતથી સમાજને દિશા આપનારા સાહિત્યકારો પાસેથી નિષ્પક્ષતા, નૈતિકતા અને માનવતાની અપેક્ષા રાખવામાં આવે છે. પરંતુ જ્યારે સાહિત્યના પવિત્ર મંચો પર જ જૂથબંધી, ઈર્ષ્યા, હોદ્દાની લાલસા અને સ્વાર્થનું રાજકારણ શરૂ થાય, ત્યારે પ્રશ્ન થાય કે આપણે સાહિત્યની સેવા કરીએ છીએ કે પોતાના અહંકારનું પોષણ?

કેટલાક સાહિત્યિક મંચો પર પ્રતિભા કરતાં ઓળખાણને, સર્જન કરતાં સંબંધોને અને ગુણવત્તા કરતાં જૂથના સમર્થનને વધુ મહત્ત્વ મળતું હોવાની ફરિયાદો સાંભળવા મળે છે. કોઈને વારંવાર મંચ મળે છે, કોઈને સતત સન્માન મળે છે, જ્યારે કોઈની ઉત્તમ રચના હોવા છતાં તેની નોંધ પણ લેવાતી નથી. શું સાહિત્યિક પ્રતિભાનું મૂલ્યાંકન શબ્દોની ઊંડાઈથી નહીં, પરંતુ વ્યક્તિ કયા જૂથમાં છે તેના આધારે થવાનું છે?

સૌથી મોટી વિસંગતિ ત્યારે સર્જાય છે, જ્યારે સમાનતા અને ન્યાયની વાત કરનારા જ વ્યવહારમાં ભેદભાવ કરે છે. પોતાના નજીકના લોકોને આગળ વધારવા નિયમો વાળી દેવામાં આવે અને સ્વતંત્ર વિચાર ધરાવતા સર્જકોને અવગણવામાં આવે, ત્યારે મંચની વિશ્વસનીયતા પર પ્રશ્નચિહ્ન ઊભું થાય છે. સન્માન ઓળખાણની ભેટ નહીં, પરંતુ પ્રતિભાની સ્વાભાવિક સ્વીકૃતિ હોવું જોઈએ.

સાહિત્ય કોઈની ખાનગી જાગીર નથી અને કોઈ એક વ્યક્તિ કે જૂથ તેની દિશા નક્કી કરી શકે નહીં. મંચ પર બેસવાથી કોઈ મહાન બનતું નથી; મહાનતા વિચારોની ઉદારતા, વર્તનની નિખાલસતા અને સર્જન પ્રત્યેની નિષ્ઠાથી સાબિત થાય છે. સાહિત્યિક મંચોએ જૂથબંધી છોડીને નવા સર્જકોને સમાન તક અને પ્રતિભાને યોગ્ય સ્થાન આપવું જોઈએ.

સાહિત્યના નામે સ્વાર્થનું રાજકારણ રમનારાઓએ સમજવું જોઈએ કે હોદ્દા, હારતોરા અને તાળીઓના ગડગડાટથી સાહિત્યિક મહાનતા સાબિત થતી નથી. બીજાની પ્રતિભાને દબાવીને મોટા બનવાની કોશિશ પોતાની નાનમ જ જાહેર કરે છે. સાહિત્ય કોઈની જાગીર નથી, મંચ કોઈની ખાનગી મિલકત નથી અને કલમ કોઈ જૂથની ગુલામ નથી! ઓળખાણથી સન્માન મેળવી શકાય, જૂથબંધીથી મંચ કબજે કરી શકાય, પરંતુ ઈતિહાસની કલમને ખરીદી શકાતી નથી. સમય એક દિવસ હિસાબ પૂછશે કે કોને સન્માન આપ્યું અને કોની પ્રતિભા સાથે અન્યાય કર્યો. કારણ કે મંચ પર કોણ બેઠું હતું એના કરતાં વધુ મહત્ત્વનું એ છે કે કોને બેસવા જ ન દીધું.

મીનાક્ષી રાવલ - સત્યની આંખે (ગાંધીનગર)
★★★★★★★
NOG .SS NO :408
વિષયઃ- સાહિત્યક મંચો નું આંતરિક રાજકારણ
શીર્ષક-- સાહિત્ય માં રાજકારણ
પ્રકાર : ગદ્ય
શબ્દો : ૩૫૦
સાહિત્ય માં મનુષ્યની ભાવનાઓ, વિચારોની અભિવ્યક્તિ વ્યક્ત કરવામાં આનંદનો અનુભવ થાય છે.સમાજ અને સંસ્કૃતિ દ્વારા લોકોને જોડવામાં , ને ભાષાના માધ્યમ થી તેની સુંદર રજુઆત કરવી તેને સાહિત્ય કહેવાય છે.
આ રચનાઓને લોકો સમક્ષ સારી રીતે પહોંચાડવી અને વધુમાં વધુ લોકો તેમનો લાભ લઈ શકે તે કાર્યો આ સાહિત્યિક મંચો દ્વારા કરવામાં આવતા હોય છે. તેમાં જો રાજકારણ આવી જાય તો પછી તે માત્ર ' પદ ' ની અને પુરસ્કારની લડાઈ નથી રહતી, પરંતુ પછી તે વિચારધારા ના આવેગો,માનવીના અધિકારો અને તેનું સમાજમાં વર્ચસ્વ કેટલું છે તેની લડાઈ થાય છે. અને આ રેખા બહુજ સામાન્ય અને સૂક્ષ્મ હોય છે ને ક્યારે તેના ગૌરવ નું ખંડન થઈ જાય છે તેની જાણ રહેતી નથી.

નવા ઉગતા લેખકો, કવિઓ ને આ મંચો નો આશરો બહુ મોટો હોય છે. રાજકારણના લીધે તેમની અભિવ્યક્તિ ની સ્વતંત્રતા જતી રહે છે. પોતાનાજ લોકોને પ્રાધન્ય આપવું ને તેમને પુરસ્કારો થી નવાજવા આ બધું સામાન્ય નહીં પણ વિશાળ રૂપ ધારણ કરી લે છે.

સારા સર્જકો જેમને રાજકારણ માં રસ ના હોય અથવા જે આ રાજકારણના ભોગ બનેલા હોય ને તેમની ઉપેક્ષા થતી હોય તે પોતાના સાહિત્યને લોકો સુધી પહોંચાડી નથી શકતા. આજ ના મંચો નું મીડિયા અને મોટા મોટા પુરસ્કારો ના કારણે જ વર્ચસ્વ વધી રહ્યુ છે.
સત્ય બોલનારી જીભ અને લખનારી કલમને તો અહીં રોકી દેવામાં આવે છે.કલમ આઝાદી ની મશાલ બનીને સળગતી રહે તો એ સાહિત્ય માટે સારી છે પણ ફકત જીહજૂરી કરી રાજકારણ ની જૈલ માં ધકેલાઈ જાયતો અને ગુલામ બની જાય તો પછી સાહિત્ય ના અસ્તિત્વ માટે બહુજ મોટો ખતરો બની જાય છે.

સાહિત્ય એટલું સરળ અને નિર્મળ હોવું જોઈએ કે તે સમાજ અને સંસ્કૃતિની ઓળખાણ બહુજ સરળતાથી કરાવી શકે જેવી રીતે દર્પણ માં ચહેરો જોવો.
સત્તાની લોલુપતામાં, સત્તા ઉપરવટ થઈ જાય છે અને સર્જનની કૃતિઓ કરતા અહંકાર પોતાની સત્તા જમાવી લે છે ત્યારે આ મંચ સાહિત્યિક કરતા રાજકારણનો મંચ વધારે બની જાય છે. તેનું બૌદ્ધિક શોષણ કરવાને બદલે તેને મુક્ત પક્ષીની જેમ રહેવા દેવુ જોઈએ. સાચા અને ઓજસ્વી સર્જનને વર્ષો સુધી જીવંત રાખવા ની વિચારધારા રાખવી જોઈએ.

" લખવું છે મારે પણ સત્ય,પણ અહીં પક્ષપાતનો દૌર છે. સાહિત્યના આ નામે અહીં ચાલતું રાજકારણનું જોર છે "

પારુલ શાહ-બ્રેમ્પટન (કેનેડા)
★★★★★★★
NOG.SS.NO. 223
વિષયઃ ,'સાહિત્યિક મંચોનું આંતરિક રાજકારણ'
શીર્ષકઃ 'જો આત્મારામ જાગે સર્જક'
પ્રકારઃ પદ્ય
શબ્દ સંખ્યાઃ ૧૪૦

?જે પામી ના શક્યા રાજકીય ખુરશી,
તેઓજ ખેલે છે સાહિત્યનું રાજકારણ,
સાહિત્ય સર્વ હિતાય નહિં, મારા, તારા, અને આપણાં નાં સ્વહિત જ સાહિત્ય.
સાવ સાદી વાત છે માતૃભાષા સાહિત્યને જ કેન્દ્રમાં રાખી કરવા આભાર - નિહારીકા રવિયા કાર્યો,
પણ આડો આવે અહમ્, સ્વાર્થ અને સ્વ કેન્દ્ર થી સર્વે કરવા કાર્યો.
?હે સર્જક તારું જ મન રચે છે સાહિત્યનું રાજકારણ. બને તું હેમલેટ,
'હું' ને સમજ્યા વિના પદ, ખુરશી, સત્તા મેળવે પણ અંતે તો છે ઘાસલેટ.
હજાર વર્ષનો ગુજરાતી ભાષા સાહિત્યનો વારસો યાદ કરતો જાગે સ્વમાન,
કલિકાલ સર્વજ્ઞ હેમચંદ્રાચાર્ય, નરસિંહ મીરાં, અખો, પ્રેમાનંદ (શામળ), દયારામ,
દલપત-નર્મદ- ગો. મા. ત્રિપાઠી, પંડિતયુગ મહાન. ગાંધીજી, ઉમાશંકર-સુંદરમ્,
પન્નાલાલ, સુરેશ દલાલ, સુરેશ જોશી થી રમેશ પારેખ મહાન નામ,
?જો સર્જકનો આત્મારામ જાગે, સાહિત્ય મંચોનું રાજકારણ તુરંત ભાગે,
પછી તો શબ્દબ્રહ્મ, સરસ્વતી સાદ, સર્જક સત્યમ્ શિવમ્ સુંદરમ્ સમાધિ લાગે.
લાખ ચોરાશીમાં સાહિત્યકારને શબ્દદીપ મળ્યો અમૂલ્ય,
નામરૂપ દ્વૈત- અંધકાર ભાગે, ક્ષણશાશ્વતી સનાતન જાગે.
?— દેવેન્દ્ર આચાર્ય,અમદાવાદ.

★★★★★★★ **NOG SS No : 110**
વિષય- સાહિત્યિક મંચોનું આંતરિક રાજકારણ
શીર્ષક- 'શુદ્ધ સાહિત્ય અને તંદુરસ્ત સમાજ'
પ્રકાર- ગદ્ય-લેખ શબ્દ- ૩૪૯

સાહિત્યિક મંચો ઉત્તમ સાહિત્ય અને પ્રતિભાશાળી સાહિત્ય સર્જકોથી શોભે છે. વર્ષોથી સાહિત્ય ક્ષેત્રે કાર્યરત અને નોંધપાત્ર પ્રદાન કરનારા સાહિત્ય સર્જકો હંમેશા અલગ અલગ સાહિત્ય મંચ ઉપર સન્માનિત થતા હોય છે, જે ચોક્કસ આનંદ અને ગૌરવનો વિષય છે. અહીં આપણે વાત કરવી છે નવોદિત અને પ્રતિભાશાળી સહિત્ય સર્જકોની, જેઓ પોતાની સાહિત્યિક રચનાઓ અનેક સાહિત્ય મંચ તથા લોકભોગ્ય સાહિત્યને પ્રોત્સાહન આપતી સંસ્થાઓના માધ્યમ દ્વારા વાંચકો સુધી પહોંચાડવા પ્રયત્ન કરે છે. સાહિત્યિક મંચોનો પ્રાથમિક ઉદ્દેશ સાહિત્યની સેવા અને ઉમદા સાહિત્યિક તત્વો ધરાવતી સાહિત્યિક રચનાઓને સાહિત્યરસિક વાંચકો સુધી પહોંચાડવાનો હોય છે.

કમનસીબે જ્યારે સાહિત્યના મોખરે પહોંચેલી સાહિત્યિક સંસ્થાઓ અને મંચોના સંચાલનમાં વિવિધ સ્તરે રાજકારણ પ્રવેશતું જણાય છે ત્યારે તેમનો લોકભોગ્ય સાહિત્યના પ્રસારનો મૂળ હેતુ પ્રભાવિત થાય છે, જે દુર્ભાગ્યપૂર્ણ છે. સત્તા ભોગવતા સાહિત્યવિદો જ્યારે પોતાની મુનશફી પ્રમાણે વર્તન કરે છે ત્યારે પક્ષપાત, વગદાર સાહિત્ય સર્જકોની ખોટી તરફેણ, સમાજના નીચલા સ્તરે રહીને સાહિત્યની ઉત્તમ સેવા કરતા નવોદિત સાહિત્ય સર્જકોની ઉપેક્ષા વગેરે થાય છે. સાહિત્યમાં સેવાની જગ્યાએ રાજકારણ પ્રવેશતાં એ સેવા ન રહેતાં વ્યાપાર બની જાય છે. આવી કલુષિત વૃત્તિ માટે બધી જ સામાજિક સંસ્થાઓ અને મંચોને જવાબદાર ન ઠેરવી શકાય પરંતુ તેઓ આ પ્રવૃત્તિમાં હિસ્સેદાર ન બને એની કાળજી લેવાવી જરૂરી છે.

સાહિત્ય હંમેશા સમાજનું દર્પણ રહ્યું છે. સમાજમાં પ્રવર્તતી સલામતી હોય કે અસલામતી, મજબૂતાઈ હોય કે નબળાઈ, નૈતિકતા હોય કે અનૈતિકતા, વૈચારિક ઉત્થાન હોય કે અધઃપતન, સાહિત્ય સર્જકોની કલમ પોતાની રચનાઓમાં એને આવરી લઈને વાંચકો સુધી લઈ આવે છે, ત્યારે આ સાહિત્ય સર્જકો કોઈપણ પ્રકારના રાજકારણના હાથા ન બને અને તેમનું સાહિત્ય ગંદા રાજકારણથી અભડાય નહીં એની કાળજી સાહિત્યિક ગ્રુપો અને સંસ્થાઓના પ્રતિનિધિઓએ લેવાની રહે છે. સાહિત્ય જેટલું શુદ્ધ રહેશે એટલો સમાજ પણ તંદુરસ્ત રહેશે. સાહિત્ય ગ્રુપોમાં આંતરિક રાજકારણ કોઈને ફાયદો આપી જ ન શકે એ માત્ર કામચલાઉ ધોરણે બીજાને નીચા બતાવી અથવા ઉપેક્ષા કરી પોતાની સફળતા દર્શાવી શકે. લાંબા ગાળે પોતાની અને સાહિત્યના મૂળ સ્વરૂપની છબીને જરૂર ખંડિત કરશે.

સાહિત્ય ક્ષેત્રે આંતરિક રાજકારણ વર્જ્ય હોવું જોઈએ કારણકે, નવી પેઢીના ઉગતા લેખકો અને કવિઓ જ આજે પ્રવર્તતી દુર્બળતા સામે આયનો ધરીને આવતીકાલના તંદુરસ્ત સમાજની કલ્પના વાંચકો સુધી પહોંચાડી શકે છે.

નિખિલ કિનારીવાળા (અમદાવાદ)
★★★★★★★
NOG SS 409
વિષય - સાહિત્યિક મંચોનું આંતરીક રાજકારણ
શીર્ષક - પ્રતિભા સામે ઓળખાણ
પ્રકાર - પદ્ય
શબ્દ સંખ્યા -૯૩
મંચ પર સાહિત્યની વાતો, પડદા પાછળ રાજકારણ,
શબ્દોમાં પ્રેમની સરવાણી, હૃદયોમાં અભિમાન.
પ્રતિભા કરતાં ઓળખાણનું અહીં વધારે માન છે,
સાચા સર્જકની અવગણના, જૂથવાદની શાન છે.
જે વાહવાહી કરે એને મંચ વારંવાર મળે,
સત્ય લખનારા સર્જકને અવગણનાના ઘા મળે.
સરસ્વતીના મંદિર કહીને સ્વાર્થનાં સિંહાસન સજાવે,
સાહિત્યના નામે કેટલાક પોતાની પ્રતિષ્ઠા વધાવે.
કવિની કલમને કેદ કરીને ક્યાં સાહિત્ય ખીલશે?
ઈર્ષ્યાના આંગણે સર્જનનું ફૂલ કેવી રીતે મહેકશે?
મંચ કોઈની જાગીર નથી, પ્રતિભા સૌની છે,
સાહિત્યની સાચી ઓળખ તો નિખાલસ કલમની છે.
નામ નહીં, કામ બોલે, એ જ સર્જકની ઓળખાણ,
સ્વાર્થ જ્યાં હારે છે, ત્યાં જ સાહિત્યનું સન્માન હોય.

મયુર ધામેલિયા (સુરત)
★★★★★★★
Nog sso no : 229
વિષય : સાહિત્યિક મંચોનું રાજકારણ
શીર્ષક : સાહિત્યનું સત્વ
પ્રકાર : ગદ્ય
શબ્દો : ૨૨૫

જગતજનની આદ્યશક્તિનું હકારાત્મક સ્વરૂપ માનવીના તનમનમાં અનુભવાતી લાગણીઓ, ભાવનાઓ તેમજ ઊર્મિઓને લેખનના સ્વરૂપે સાહિત્યને કાર્યશીલ કરે છે. આવા સ્વરૂપના લેખન - વાંચનને સાહિત્યની પ્રવૃત્તિ કહેવાય છે. જમાનાના આધુનિક રંગે રંગાતુ સાહિત્ય જ્યારે સારાસારનો વિવેક ભૂલી જાય છેત્યારે નકારાત્મકતાના રંગે ચડી જાય છે.

સમયાંતરે માનવીની જીવન શૈલી બદલાતા વિવેકબુદ્ધિનું ભાન રાખવાથી સંસ્કૃતિ સચવાય છે. જેનાથી આદિ અનાદિકાળના રુચિ અરુચી સાથે લોકોની સંસ્કૃતિનું પણ નિરૂપણ થયા કરે છે. સમાય અંતરના આ ફેરફારો રસપ્રદ, તંદુરસ્ત અને પ્રગતિશીલ સ્પર્ધાઓ અર્જે છે. માનવી ભણેલો હોય કે અભણ પ્રાદેશિક રીતરિવાજો, પહેરવેશ અને ભાષા શૈલીના સબળ પ્રભાવથી સાહિત્યનું સર્જન થાય છે.

દરેક માનવીમાં ગાવા વગાડવા, નાચવા કુદવા, રમવા જમવા ની કાર્ય પ્રવૃત્તિઓ સાથે ધર્મ કર્મની સ્વભાવગત આવડત છલકાય છે. સંગીત નૃત્ય સાથે વણાયેલી લેખન શૈલી ગીતો સહીત લોકમેળામાં છલકાય છે.
" પ્રપાશી " પરેશ મ. પાઠક (અમદાવાદ)

ભાગવતના દીવડે જીવન- ચિંતન મન સુધરે તો સંત મળે, સર્વસ્વ સોંપો તો ભગવાન ચિંતા કરે

આપણા જીવનની સૌથી મોટી ભૂલ એ છે કે આપણે ભક્તિને બહાર શોધીએ છીએ,જ્યારે ભક્તિનું મૂળ તો આપણા આચાર-વિચારમાં છે. મંદિર જઈશું,માળા કરીશું,પણ જો આચાર શુદ્ધ ન હોય,વિચાર શુદ્ધ ન હોય તો ભક્તિ ટકતી નથી. જીવન જ્યાં વિલાસમય બને છે,ત્યાં ભક્તિનો વિનાશ નિશ્ચિત છે.શ્રીમદ્ ભાગવત શાસ્ત્ર શું કરે છે?તેમાણસ ને કાળના મુખમાંથી છોડાવે છે.તે દરેક ક્ષણે સાવધાન કરે છે કે-×હે જીવ, તું કાળના મુખમાં બેઠો છે.× આ કાળથી બચવું હોય તો કાળના પણ કાળ એવા શ્રીકૃષ્ણને શરણે જવું પડે. ભાગવતનો આ જ પહેલો સંદેશ છે.આ સંદેશને સમજવા માટે ત્રણ દ્રષ્ટાંતો આપણા શાસ્ત્રોમાં બહુ સુંદર રીતે આપ્યા છે.

મહાભારતના યુદ્ધનો પ્રસંગ છે. દુર્યોધનના મહેણાંથી ઘવાયેલા પિતા મહ ભીષ્મએ ભીષણ પ્રતિજ્ઞા કરી ×કાલે હું અર્જુનને મારીશ અથવા હું પોતે મરીશ.×ભીષ્મ પ્રતિજ્ઞાનો અર્થ બધા જાણતા હતા. એ પ્રતિજ્ઞા કદી ખાલી જતી નહીં. આખી પાંડવ છાવણીમાં ભય ફેલાઈ ગયો.

શ્રીકૃષ્ણને પણ રાત્રે ઊંઘ ન આવી. મારા ભક્ત અર્જુનનું શું થશે?એ વિચારે તે મધરાતે અર્જુનના તંબુમાં ગયા. જઈને જુએ છે તો અર્જુન ઘસઘસાટ ઊંઘતો હતો. ભગવાનને આશ્ચર્ય થયું.તેમણે અર્જુનને જગાડીને કહ્યું, ×પાર્થ,તેં ભીષ્મની પ્રતિજ્ઞા સાંભળી?×

અર્જુન કહે, ×હા, સાંભળીને જ સૂતો છું.×

શ્રીકૃષ્ણ કહે, ×તો પણ તું આટલી શાંતિથી કેવી રીતે ઊંઘી શકે છે? તને મૃત્યુનો ભય નથી?×

ત્યારે અર્જુને જે જવાબ આપ્યો એ જ ભક્તિની પરાકાષ્ઠા છે. અર્જુન કહે, ×મારી ચિંતા કરનારો જાગે છે, એ હું જાણું છું એટલે હું નિરાંતે ઊંઘું છું. તમે જાગો છો તો હું શા માટે જાગું?×

આ જ સૂત્ર છે. જે સર્વસ્વ ભગવાન પર છોડી દે છે, તેની ચિંતા ભગવાન પોતે કરે છે. આપણે દુઃખી એટલા માટે છીએકે આપણે ચિંતા ભગવાન ને સોંપતા નથી. આપણે માળા પણ કરીએ છીએ અને ચિંતા પણ કરીએ છીએ. જ્યાં સુધી ચિંતા ઈશ્વરને માથે નહીં છોડો, ત્યાં સુધી નિશ્ચિંત થવાશે નહીં.

ભાગવતના પ્રથમ સ્કંધમાં અધિકાર કથા કહી છે. અધિકાર સિદ્ધ થાય તો જ સંત મળે છે.અધિકાર વિના સંત મળેતો પણ તેના પ્રત્યે સદભાવ જાગતો નથી.

આપણે સંતને શોધવા નીકળીએ છીએ,પણ સંતને શોધવાથીપ્રભુકૃપા થતી નથી. જ્યાં સુધી મન દુર્જન હશે ત્યાં સુધી સંત મળશે નહીં. તમે સંત બનશો તો સંત સામે ચાલીને મળવા આવશે.

સંત શું કરે છે?બ્રહ્મ કેમ જોવું તે શીખવે છે. સંત જોવાની દૃષ્ટિ આપે છે. સંસાર એ ઈશ્વરનું જ સ્વરૂપ છે. મહાપ્રભુજીએ વૈષ્ણવનું લક્ષણ બહુ સુંદર આપ્યું છે - ×જેના દર્શનથી શ્રીકૃષ્ણ યાદ આવે તે વૈષ્ણવ. જેના સંગથી પ્રભુ યાદ આવે તે વૈષ્ણવ.×

ભાગવતમાં કથા છે - શુકદેવજીના દર્શનથી સ્વર્ગની અપ્સરાઓમાં પણ વૈરાગ્ય આવ્યો હતો. આવું છે સંત દર્શનનું બળ. આવા સંતો આજે પણ જગતમાં છે. સદગુરુનો અભાવ નથી, સત્શિષ્યનો અભાવ છે. જ્યારે અધિકાર સિદ્ધ થાય છે ત્યારે સંતપુરુષ સામે ચાલીને મળી આવે છે. પરીક્ષિત રાજાએ મન સુધાર્યું એટલે તેને શુકદેવજી મળ્યા. માટે સંતને શોધશો નહીં, પોતાના મનને સુધારો.

જેની આંખમાં ઈશ્વર છે તે સર્વમાં ઈશ્વરનો જ અનુભવ કરે છે. આ જગતમાં નિર્દોષ એક પરમાત્મા જ છે.બ્રહ્માજીની આ સૃષ્ટિ ગુણ-દોષ થી ભરેલી છે. સંતોમાં પણ એકાદ દોષ દેખાઈ શકે.સંસારમાં કોઈપણ વ્યક્તિ સર્વ પ્રકારે સુખી કે સંપૂર્ણ નથી. પ્રત્યેક પદાર્થમાં ગુણ પણ છે અને દોષ પણ છે.માટે દૃષ્ટિને એવી ગુણમય બનાવો કે કોઈનો દોષ દેખાય જ નહીં.જો તમારી દૃષ્ટિ જ દોષમય હશે તો સંતમાં પણ તમને દોષ દેખાશે.જ્ઞાનદૃષ્ટિથી જુઓ તો આખું જગત બ્રહ્મમય દેખાશે. જેની દૃષ્ટિ ગુણમય છેતે જ સાચો સંત છે

એક બહુ સુંદર વાત છે -માઁ પોતાના બાળકને શણગારીને તેના ગાલ પર કાજળનું કાળું ટપકું કરે છે,જેથી કોઈની નજર ન લાગે. તેમ કદાચ ઈશ્વર પણ પોતાના સંતોમાં,ભક્તો માં એકાદ નાનો દોષ રાખતો હશે, જેથી તેમને અભિમાન ન આવે. કારણ કે મનુષ્યમાં જો કોઈ દોષ ન રહે તો તેના મનમાં અભિમાન આવી જાય અને અભિમાન આવે એટલે પતન નિશ્ચિત છે. માટે કોઈના દોષ જોશો નહીં, કોઈના પાપનો વિચાર કે ઉચ્ચાર કરશો નહીં.

ઘર છોડવાથી કોઈ સંત થતું નથી. ભગવા કપડા પહેરવાથી સંત થવાતું નથી. તુકારામ મહારાજ, સંત એકનાથ, વ્રજની ગોપીઓ - આ બધાએ ઘરમાં રહીને જ પ્રભુને પ્રાપ્ત કર્યા છે. ઘરમાં રહીને પણ સંત થઈ શકાય છે.

માનવજીવનનું લક્ષ્ય શું? પરમાત્માનું દર્શન, પરમાત્માનું મિલન. જે આ લક્ષ્યને પ્રતિક્ષણ યાદ રાખે તે સંત. પ્રતિક્ષણ જે સાવધાન છે તે સંત.

માટે કહ્યું છે-જગત બગડ્યું નથી, આપણું મન બગડ્યું છે. મનને સુધારવાની જરૂર છે. જેણે પોતાનું મન સુધાર્યું તે જ સંત છે. મન પર વિશ્વાસ ન રાખો, મન પર અંકુશ રાખો. આત્મા એ મનનો સાક્ષી છે, દૃષ્ટા છે. જે દિવસે આત્મા સાક્ષી આપે કે આજે મન શુદ્ધ છે, તે દિવસે માનજો કે તમે સંત બન્યા.

મન ક્યારે સુધરે? મૃત્યુના સ્મરણથી મન સુધરે છે. મૃત્યુના વિસ્મરણથી મન બગડે છે. જે ઘડીએ પરીક્ષિત રાજાએ સાંભળ્યું કે સાતમા દિવસે હું મરવાનો છું, તે જ ઘડીએ તેના વિલાસી જીવનનો અંત આવ્યો. તેને મૃત્યુનો ભય લાગ્યો અને તેનું જીવન સુધરી ગયું.

શાસ્ત્ર કહે છે - જીવ શરીર છોડે છે ત્યારે હજાર વીંછી એક સાથે ડંખ મારે તેટલી વેદના થાય છે. જન્મ પણ દુઃખ છે, વૃદ્ધાવસ્થા પણ દુઃખ છે, પણ સૌથી મોટું દુઃખ મરણ છે. માટે વેળાસર ચેતી જાઓ. રોજ વિચારો-આજે યમદૂત મને લેવા આવે તો હું ક્યાં જઈશ? નરકમાં, સ્વર્ગમાં કે વૈકુંઠમાં? મૃત્યુનું નિવારણ કદી શક્ય નથી, પણ મૃત્યુનો સુધાર શક્ય છે. મૃત્યુ સુધરશે તો જીવન સુધરશે.

એટલે જ ભાગવત કહે છે - આચાર-વિચાર શુદ્ધ રાખો, દૃષ્ટિ ગુણમય રાખો, મૃત્યુને યાદ રાખો અને સર્વસ્વ કૃષ્ણને સોંપીને નિશ્ચિંત બની જાઓ. જેની ચિંતા સ્વયં શ્રીકૃષ્ણ કરે છે, તેનો વાળ પણ કોઈ વાંકો કરી શકતું નથી. દીપોત્સવી તહેવારોની તૈયારી શરૂ થઈ બસ હવે પરીક્ષાઓ પુરી થાય ને દિવાળી વેકેશન.. ધમાકા.. શરૂ.

યશપાલસિંહ ટી વાઘેલા દરબારગઢ થરા તા ઓગડ જિ બનાસકાંઠા

ગીરના જય-વીરુની દોસ્તી અને જીવનગાથાને શબ્દોમાં કંડારતું પુસ્તક ‘ગીરના જય-વીરુની ગાથા’નું વિમોચન



ગીરના જંગલમાં વસતા સિંહોની શૌર્યગાથા, જીવનશૈલી અને તેમની વચ્ચેના અનોખા સંબંધોને ઉજાગર કરતું પુસ્તક ‘ગીરના જય-વીરુની ગાથા’નું તા. ૨૪ ઑક્ટોબર, ૨૦૨૬ના રોજ ભવ્ય સમારંભમાં વિમોચન કરવામાં આવ્યું હતું. લેખક પરાગ દવેના લેખનપ્રવાસનું આ પ્રથમ પુસ્તક છે, જેમાં ગીરના સિંહ જય અને વીરુની અનોખી દોસ્તી તથા જીવનગાથાને શબ્દોમાં કંડારવામાં આવી છે.

પુસ્તક વિમોચન પ્રસંગે વન્યજીવનના અનુભવી અને અભ્યાસુઓની ઉપસ્થિતિમાં ગીરના જંગલ, સિંહોના જીવન અને પ્રકૃતિના અમૂલ્ય વારસાને લગતા અનેક અનુભવો તથા રસપ્રદ વાતો રજૂ કરવામાં આવી હતી. આ પ્રસંગે ગીરના સિંહો પ્રત્યેનો લગાવ, વન્યજીવનની સમજ અને કુદરતી વારસાના સંરક્ષણની ભાવના વિશેષરૂપે ઉજાગર થઈ હતી.

આ કાર્યક્રમમાં લોમેવધામ ધજાળાના મહંત મહારાજ શ્રી ભરતબાપુ, ચૂડાના ઠાકોર સાહેબ ફાલ્ગુનસિંહ ઝાલા, બકુલભાઈ ખાખી, ભવાનીસિંહ મોરી, સુદામડા ધાંધલપુરના દરબાર સાહેબ વનરાજસિંહ ખવડ, ટુંડીયા સાહેબ, સાહિત્યકાર પંકજ ત્રિવેદી, ડૉ. નરેન્દ્ર રાવલ, બાલાસાહેબ, કનુભાઈ દવે સહિત અનેક મહાનુભાવો અને સાહિત્યપ્રેમીઓ ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમનું ઉત્કૃષ્ટ સંચાલન કંદર્પ રાવલે કર્યું હતું. પુસ્તકના વિમોચન પ્રસંગે ઉપસ્થિત મહાનુભાવોએ ગીરના સિંહોની ગાથાને સાહિત્યના માધ્યમથી લોકો સુધી પહોંચાડવાના પ્રયાસને આવકાર્યો હતો.

‘ગીરના જય-વીરુની ગાથા’ પુસ્તક ગીરના વન્યજીવન, સિંહોની અનોખી દોસ્તી અને પ્રકૃતિના અમૂલ્ય વારસાને સમજવા માટે એક રસપ્રદ સાહિત્યિક પ્રયાસ બની રહેશે.



ગુજરાત પ્રદેશ ભાજપા મીડિયા વિભાગની અખબારી યાદી જણાવે છે કે, દેશના યશસ્વી પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના સ્વર્ગસ્થ પિતાશ્રી અંગે કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી મલ્લિકાર્જુન ખડગે દ્વારા કરવામાં આવેલી અસભ્ય અને નિંદનીય ટિપ્પણીના વિરોધમાં આજે ગાંધીનગર ખાતે ભારતીય જનતા પાર્ટી દ્વારા ઉગ્ર વિરોધ પ્રદર્શન યોજવામાં આવ્યું હતું. ગાંધીનગરના ઘ-૫ સર્કલથી શરૂ થયેલું આ વિરોધ પ્રદર્શન શહેર કોંગ્રેસ કાર્યાલય સુધી પહોંચ્યું હતું, જ્યાં ઉગ્ર સૂત્રોચ્ચાર દ્વારા માફીની માંગ સાથે કોંગ્રેસ અધ્યક્ષના કૃત્યને વખોડવામાં આવ્યું હતું.આ વિરોધ પ્રદર્શનમાં પ્રદેશ સહ પ્રભારી શ્રી અજય મહાવરજી, પ્રદેશ મહામંત્રી શ્રી અજયભાઈ બ્રહ્મભટ્ટ, પ્રદેશ મહામંત્રી શ્રી હિતેન્દ્રસિંહ ચૌહાણ, પ્રદેશ યુવા મોરચાના અધ્યક્ષ ડૉ. નરેશભાઈ દેસાઈ, ગાંધીનગર શહેર ભાજપા અધ્યક્ષ ડૉ. આશિષકુમાર દવે, ધારાસભ્ય રીટાબેન પટેલ સહિત સંગઠનના પદાધિકારીઓ, ચૂંટાયેલા જનપ્રતિનિધિઓ અને કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.


ટ્રાફિક અને લોકલ પોલીસની સાઠગાંઠથી ઘેટા-બકરાની જેમ મુસાફરો ભરતી ખાનગી ગાડીઓને છૂટો દોર!

અરવલ્લી જિલ્લા ટ્રાફિક પોલીસ અને સ્થાનિક પોલીસની રહેમ નજર હેઠળ લુણાવાડા થી અમદાવાદ તરફ જતા પ્રાઈવેટ વાહન ચાલકો દ્વારા ઘેટા-બકરાની જેમ મુસાફરોને ભરીને હેરાફેરી કરવામાં આવી રહી છે.

આ ખાનગી વાહનોમાં ક્ષમતા કરતા ત્રણ ગણા વધુ મુસાફરો ભરવામાં આવે છે, છતાં આ રોડ ઉપર ફરજ પર રહેલા ટ્રાફિક પોલીસ અને સ્થાનિક પોલીસના અધિકારીઓને આ ગેરકાયદેસર હેરાફેરી કેમ દેખાતી નથી? તેવો સીધો સવાલ પ્રજામાં ઉઠી રહ્યો છે.

નિયમ મુજબ પ્રાઈવેટ નંબર પ્લેટ વાળા વાહનો પેસેન્જર ભરી શકતા નથી, પરંતુ અહીં તો ખુલ્લેઆમ ઈ ના નિયમોના ધજાગરા ઉડાવવામાં આવી રહ્યા છે. જો કોઈ અકસ્માત સર્જાય તો તેનો જવાબદાર કોણ? શું આ સાઠગાંઠ પાછળ મોટા પ્રમાણમાં હપ્તા ઉઘરાવવામાં આવે છે?

આ રૂટ ઉપર ફરજ બજાવતા અધિકારીઓ સામે તાત્કાલિક ખાતાકીય તપાસ કરી અને આવા વાહનો સામે કડક કાર્યવાહી કરવાની લોક માંગ ઉઠી છે.



લુણાવાડા થી અમદાવાદ રૂટ પર ઓવરલોડ પેસેન્જર ભરી દોડતા પ્રાઇવેટ વાહન ચાલકો સામે આંખ આડા કાન, જવાબદાર અધિકારીઓ સામે ખાતાકીય તપાસની માંગ



મેઘરજ તાલુકાના વાસણા ગામમાં આવેલા શ્રી જલારામ મંદિર હોલ ખાતે “બેટી બચાવો બેટી પઢાવો” યોજના અંતર્ગત **PC & PNDT** એક્ટ અંગે એક વિશેષ જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં જિલ્લા મહિલા અને બાળ અધિકારી શ્રીમતી હસીનાબેન મન્સૂરી, દહેજ પ્રતિબંધક સહ રક્ષક અધિકારી શ્રી રમેશભાઈ ચૌધરી, જિલ્લા મહિલા અને બાળ કચેરીના જેન્ડર સ્પેશ્યાલિસ્ટ સીમરનબેન વાઘેલા, માલપુર અને મેઘરજના તાલુકા હેલ્થ ઓફિસર્સ **(THO),** અરવલ્લી જિલ્લા આરોગ્ય વિભાગની **PC & PNDT** ટીમ તેમજ સ્થાનિક **ASHA, ANM** અને **FHW** કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય સમાજમાં સ્ત્રી ભ્રૂણહત્યા અટકાવવાનો, દીકરીઓના જન્મને પ્રોત્સાહન આપવાનો અને ગર્ભધારણ પૂર્વે તથા પ્રસૂતિ પૂર્વે લિંગ પરીક્ષણ પરના પ્રતિબંધ અંગે લોકજાગૃતિ કેળવવાનો હતો. આ પ્રસંગે ઉપસ્થિત અધિકારીઓએ **PC & PNDT** એક્ટની કાયદાકીય જોગવાઈઓ, કડક નિયમો અને દીકરીઓના સમાન અધિકારો વિશે વિસ્તૃત માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. સાથે જ, સમાજમાં સ્ત્રી-પુરુષ સમાનતાનો સંદેશ જનજન સુધી પહોંચે અને દીકરીઓ પ્રત્યે સકારાત્મક અભિગમ કેળવાય તે માટે ગ્રામજનોને અનુરોધ કરવામાં આવ્યો હતો...

માલપુરમાં ૨૧ કુંડી ગાયત્રી મહાયજ્ઞ સાથે પુસ્તક મેળો અને સેવા-સન્માન સમારોહ યોજાયો



મોરબી માં રહેતા સમસ્ત પાંચ પરગણા બ્રહ્મસમાજ- વાવ-થરાદ (બનાસકાંઠા)...(શ્રી આનંદ પ્રકાશ ઔદિચ્ય બ્રહ્મ સમાજ યુવક મંડળ.મોરબી)દ્વારા શરદ પૂર્ણિમા રાસોત્સવ નું ભવ્ય આયોજન.શરદ પૂર્ણિમાના આ ભવ્ય મહોત્સવ માં મોરબી ખાતે બ્રહ્મ સમાજ ના ગુરૂ શ્રી આનંદ પ્રકાશ બાપુ ની ભવ્ય આરતી,ભોજન પ્રસાદ,રાસ ગરબા અને દુધ પૌઆ ના પ્રસાદ નું આયોજન કરવામાં આવ્યું હતું.

દર વર્ષ ની જેમ આ વર્ષે પણ મોરબી ખાતે યોજાયેલા આ શરદ પૂર્ણિમા મહોત્સવ માં બ્રહ્મસમાજના વડીલો, યુવા મિત્રો, માતાઓ-બહેનો અને નાના બાળકો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહી આ કાર્યક્રમ ની શોભા વધારી અને હર્ષ-ઉલ્લાસ સાથે આ શરદ પૂર્ણિમા ની ઉજવણી કરવામાં આવી હતી...શ્રી આનંદ પ્રકાશ ઔદિચ્ય બ્રહ્મ સમાજ યુવક મંડળ.મોરબી દ્વારા દાતાશ્રીઓ ને શ્રી આનંદ પ્રકાશ બાપુ નો ફોટો આપીને સન્માનિત કરવામાં આવ્યા હતા.શરદ પૂર્ણિમા ના આ ભવ્ય રાસોત્સવ માં ગુરૂ મહારાજ ની આરતી,મહાપ્રસાદ અને રાસ-ગરબાનું સુંદર આયોજન કરી ભવ્ય ઉજવણી કરવામાં આવી.

માલપુર . અરવલ્લી જિલ્લો

અરવલ્લી જિલ્લાના માલપુર સ્થિત જલારામ મંદિર ખાતે ગાયત્રી પરિવાર અને જાયન્ટ્સ પીપલ્સ ફાઉન્ડેશન દ્વારા ચતુર્થ કાર્યક્રમ અંતર્ગત ૨૧ કુંડી ગાયત્રી મહાયજ્ઞ, પુસ્તક મેળો તથા સેવા-સન્માન સમારોહનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. ધાર્મિક ભાવનાના સંવર્ધન સાથે સમાજમાં સદભાવના, સેવાભાવ અને વાંચન સંસ્કૃતિને પ્રોત્સાહન આપવાના ઉમદા હેતુથી યોજાયેલા આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં માલપુર તથા આસપાસના વિસ્તારના લોકો ઉપસ્થિત રહ્યા હતા.કાર્યક્રમમાં ૨૧ કુંડી ગાયત્રી મહાયજ્ઞ દ્વારા લોકકલ્યાણ, સુખાકારી અને આધ્યાત્મિક ચેતનાનો સંદેશ આપવામાં આવ્યો હતો. સાથે જ યુવાનો અને નવી પેઢીમાં વાંચન પ્રત્યે રુચિ વધે તથા જ્ઞાનનો વ્યાપ વિસ્તરે તે હેતુથી પુસ્તક મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું.સમાજમાં વિવિધ ક્ષેત્રે નિષ્ઠાપૂર્વક ફરજ બજાવી લોકોની સેવા કરનાર વ્યક્તિઓનું સન્માન કરી તેમની કામગીરીને બિરદાવવામાં આવી હતી. આ ઉપરાંત, માત્ર એક દીકરી ધરાવતા માતા-પિતાનું પણ સન્માન કરવામાં આવ્યું હતું. દીકરીના ગૌરવ, માતા-પિતાના સન્માન અને સમાજમાં સકારાત્મક વિચારધારાને પ્રોત્સાહન આપતો આ ઉપક્રમ ઉપસ્થિત લોકોમાં પ્રશંસાને પાત્ર બન્યો હતો.

સાંસદ અને ધારાસભ્યની ઉપસ્થિતિમાં મંદિરના વિકાસ માટે ફાળાની જાહેરાત

આ પ્રસંગે અરવલ્લી-સાબરકાંઠાનાં સાંસદ શોભનાબેન બારૈયા તથા ધારાસભ્ય ધવલસિંહ ઝાલા વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. બંને મહાનુભાવોએ ગાયત્રી પરિવાર અને જાયન્ટ્સ માલપુર દ્વારા કરવામાં આવતી ધાર્મિક, સામાજિક અને સેવાકીય પ્રવૃત્તિઓની પ્રશંસા કરી હતી.



સમાજમાં સેવાકાર્યો કરનાર વ્યક્તિઓનું સન્માન કરવું અને લોકોમાં સદભાવના તથા સંસ્કારોનું સિંચન કરવું એ સમાજના વિકાસ માટે મહત્વપૂર્ણ હોવાનું તેમણે જણાવ્યું હતું.આ પ્રસંગે સાંસદ શોભનાબેન બારૈયા અને ધારાસભ્ય ધવલસિંહ ઝાલા દ્વારા જલારામ મંદિરના વિકાસ માટે વ્યક્તિદીઠ રૂ. ૫ લાખ, એમ કુલ રૂ. ૧૦ લાખના ફાળાની જાહેરાત કરવામાં આવી હતી.સેવાભાવી કાર્યકરોના સહિયારા પ્રયાસોથી ૨૮૦૦ થી ૩૦૦૦ દર્શનાર્થીઓ એ હાજર રહી કાર્યક્રમ સફળબનાવ્યો

સમગ્ર કાર્યક્રમના આયોજનમાં જાયન્ટ્સ પીપલ્સ ફાઉન્ડેશનના ટ્રસ્ટી અને ચેરમેન સુરેન્દ્રસિંહ રાઠોડ, જાયન્ટ્સ પીપલ્સ ફાઉન્ડેશનની ઈન્ટરનેશનલ કમિટીના સભ્ય નિલેશ જોષી, લકુલેશ સેવા ટ્રસ્ટના વિનોદકુમાર પંડ્યા, ગાંધીનગર ઉપઝોન ના જયેશભાઈ બારોટ અને જિલ્લા સંયોજક મહેન્દ્રભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા કાર્યક્રમનું આયોજન સુરેન્દ્રસિંહ રાઠોડવિઠલભાઈ પટેલ ઝોન પ્રમુખ અને ગાયત્રી પરિવાર ના સંયોજક હર્ષદભાઈ ઉપાધ્યાય અને નવીનભાઈ પંચાલ સાથેમહેશ પટેલ મુખ્ય યજમાન સંજય પટેલ તમામ કાર્યકરોએ પરસ્પર સહકાર અને ટીમભાવનાથી ધાર્મિક, સામાજિક અને સન્માન સમારોહને સફળ બનાવવા માટે જહેમત ઉઠાવી હતી.

ધર્મ, જ્ઞાન સમાજસેવા, સંસ્કાર અને સદભાવનાની ભાવનાને વધુ મજબૂત બનાવવાનો પ્રેરણાદાયી પ્રયાસ બની રહ્યો.

એએમએ દ્વારા એડીસીએલઓડી (આઈઆઈએમએ)ના સહયોગમાં “માઇક્રોહેબિટ્સ ફોર લીડર્સ” વિષય પર લીડરશિપ સેશનનું આયોજન કરાયું

અમદાવાદ મેનેજમેન્ટ એસોસિએશન (એએમએ) દ્વારા ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ અમદાવાદ (આઈઆઈએમએ)ના અશાંક દેસાઈ સેન્ટર ફોર લીડરશિપ એન્ડ ઓર્ગેનાઈઝેશનલ ડેવલપમેન્ટ (એડીસીએલઓડી)ના સહયોગથી એએમએ કેમ્પસ ખાતે “માઇક્રોહેબિટ્સ ફોર લીડર્સ” વિષય પર એક ખાસ લીડરશિપ સેશનનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રો. નેહારિકા વોહરા (આઈઆઈએમએ)એ સ્વાગત પ્રવચન આપ્યું હતું અને પ્રો. એલન ડી'સોઝા (એએમએ એકેડેમિક એડવાઈઝર)એ વિષય પરિચય આપ્યો હતો. પેન ચીફ લર્નિંગ ઓફિસર પ્રોગ્રામ(પેન્સિલવેનિયા યુનિવર્સિટી)ના ભૂતપૂર્વ ડિરેક્ટર અને પોલિસી, ઓર્ગેનાઇઝેશન્સ, લીડરશિપ એન્ડ સિસ્ટમ્સ ડિવિઝનના સિનિયર ફેલો ડો. રઘુ કૃષ્ણમૂર્તિએ આ લીડરશિપ સેશનને સંબોધ્યું હતું.આધુનિક સંસ્થાઓમાં લીડરશિપ મોટા ફેરફારો કરવા કરતાં નાના નાના અને સતત પ્રયાસોથી વધુ સક્ષમતા આવે છે તે બાબત પર ભાર મૂકતા, ડૉ. કૃષ્ણમૂર્તિએ પોતાના વિચારો રજૂ કર્યા હતા અને જણાવ્યું હતું કે કેવી રીતે લીડર માઇક્રો હેબિટ્સ (નાના, હેતુપૂર્વકના વ્યવહારિક ફેરફાર)નો ઉપયોગ કરીને સંસ્થાના પ્રણાલીગત વિકાસને પ્રોત્સાહન આપી શકાય છે, નિર્ણય લેવાની ક્ષમતામાં સુધારો કરી શકાય છે અને ટીમ સંસ્કૃતિને વધુ ગતિશીલ બનાવી શકે છે.

Printer/publisher/0wner & Editor:Pradip.A.Raval Printed at Jay Graphics & Printers,C15, Vikram Chambers,Income Tax.Ashram Road.Ahmedabad-380009.Published At : Plot No:581/1,Sector-7 B.Gandhinagar - 382007.Gujarat